જિલ્લામાં આકાશમાંથી અગનગોળા વછૂટ્યા, બાયડ-મોડાસા ૪૧ ડિગ્રી તાપમાનથી ધગધગ્યું

વિજ માંગમાં ધરખમ વધારો, અનેક વિસ્તારોમાં ટ્રીપીંગ સમસ્યા સામે આવી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

જિલ્લામાં બુધવારે આકાશમાંથી અગનગોળા વછૂટ્યા હોય તે રીતે તાપમાનનો પારો ઉંચકાયો છે. અરવલ્લીના બાયડ અને મોડાસામાં કરી ગયો છે. હવામાન પલ્ટાવ ન આવે તો પ્રજા અસહ્ય ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠે તેવી સ્થિતિ છે. છેલ્લા ૩ દિવસથી હીટવેવના મોજાથી પ્રજા પરેશાન હતી અને હવામાન વિભાગે



૪૧ ડિગ્રી તાપમાનથી સમગ્ર વિસ્તારો ધગધગ્યા હતા. જિલ્લાના અન્ય વિસ્તારોમાં ૪૦ ડિગ્રી તાપમાનનો પારો સ્થિર થયો છે. જ્યારે વનરાજીથી શોભતા વિજયનગરમાં તાપમાનનો પારો ૩૯ ડિગ્રી નોંધાયો હતો. ગરમી પ્રકોપના કારણે ઠંડક આપતા ઉપકરણો ધમધમવા લાગ્યા છે જેના કારણે વિજ માંગમાં ધરખમ વધારો થયો છે અનેક વિસ્તારોમાં ટ્રીપીંગ સમસ્યા જોવા મળી હતી. માત્ર ૨-૫ મીનીટ માટે વીજળી ડૂલ થાય તો પણ પ્રજા આકુળ વ્યાકુળ જોવા મળી છે.

હજુ તો એપ્રિલ મહિનાની આજથી શરૂઆત થવાની છે તે પૂર્વે તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર તાપમાનનો પારો ગગડશે તેવી આગાહી કરી હતી પરંતુ બપોર થતાં જ સાઠંબા થી પોશીના અને ખેરોજ થી મજરા સુધીના માર્ગો ઉપર અસહ્ય ગરમીની અસર જોવા મળી.

બજારોમાં પાંખી હાજરી જોવા મળી હતી. શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ મેળવતા બાળકો અને શિક્ષકો પણ કાળઝાળ ગરમીથી ત્રાસદાયક સ્થિતિ અનુભવતા જોવા મળ્યા. જે રીતે તાપમાનનો પારો ૩૧ માર્ચે ૪૦ ડિગ્રીને આંબ્યો છે તે જોતાં એપ્રિલ મહિનો વધુ આકરો બનશે અને તાપમાનનો પારો ૪૫ ડિગ્રીને આંબી જાય તો ધરતી અંગારો બની જવાની દહેશત સેવાય છે.

કોરોનાના કારણે જીપીએસસી પરીક્ષાની તારીખમાં ફેરફાર

કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે મોટો નિર્ણય : પરિક્ષેત્ર વન અધિ. વર્ગ-રની પરીક્ષા ૧૮ એપ્રિલે, નાયબ મામલતદાર, સેક્શન અધિકારીની પરીક્ષા ૯ મેએ યોજાશે

ગાંધીનગર, તા. ૩૧

કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે જીપીએસસીએ મોટો નિર્ણય લીધો છે. કેટલીક પરીક્ષાઓની તારીખમાં ફેરફાર કરાયો છે. વર્ગ૧, વર્ગ ૨ અને વર્ગ ૩ની કેટલીક પરીક્ષાની તારીખમાં ફેરફાર કરાયો છે. પરિક્ષેત્ર વન અધિકારી વર્ગ ૨ની પરીક્ષા હવે ૪ એપ્રિલની જગ્યાએ ૧૮ એપ્રિલે યોજાશે. તેવી જ રીતે નાયબ મામલતદાર અથવા સેક્શન અધિકારીની પરીક્ષા ૧૮ એપ્રિલની જગ્યાએ તારીખ ૯ મેના રોજ યોજાશે.

આ ઉપરાંત સિક્યુરીટી સુપરવાઈઝરની પરીક્ષા ૨૩ મેના રોજ યોજાશે. મદદનીશ ઈજનેરની પરીક્ષાઓ ૬ જુનના રોજ લેવાશે. આસિસ્ટંટ સહાયક વર્ગ-૩, જીએમડીસીની પરીક્ષા ૯ મેથી પાછળ કરીને ૧૬ મે કરવામાં આવી છે. તેવી જ રીતે વહિવટી અધિકારી વર્ગ-૨ ઉદ્યોગ અને ખાણ વિભાગની પરિક્ષા સહિત કુલ મળી ૧૦ પરીક્ષાઓની તારીખમાં ફેરફાર કરાયો છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૨૨૦ નવા કેસ નોંધાયા હતા. જ્યારે વધુ ૧૦ લોકોના કોરોના સંક્રમણથી મૃત્યુ થયાં હતા. આજે રાજ્યમાં ૧૯૮૮ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં અત્યાર સુધી ૨,૮૮,૫૬૫ લોકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. ચિંતાજનક વાત એ છે કે રાજ્યમાં એક્ટિવ કેસનો આંકડો ૧૨ હજારને પાર પહોંચ્યો છે. રાજ્યમાં એક્ટિવ કેસ ૧૨૨૬૩ પર પહોંચ્યા છે. જેમાંથી ૧૪૭ લોકો વેન્ટિલેટર પર અને ૧૨૧૧૬ લોકો સ્ટેબલ છે. રાજ્યમાં કોરોનાથી રિકવરી રેટ ૯૪.૫૧ ટકા પર પહોંચ્યો છે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૨૮૮૫૬૫ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા કુલ ૧૨૨૬૩ છે જેમાંથી ૧૪૭ દર્દીઓ વેન્ટિલેટર પર છે જ્યારે ૧૨૧૧૬ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કારણે વધુ ૧૦ દર્દીઓના મોત થયા છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનમાં ૫, સુરત કોર્પોરેશનમાં ૪ અને વડોદરામાં ૧ દર્દીનું મોત નીપજ્યું છે. આ સાથે જ રાજ્યમાં કોરોનાના કારણે મોત પામેલા દર્દીઓનો કુલ મૃત્યુઆંક ૪૫૧૦ પર પહોંચ્યો છે. રાજ્ય સરકારે કેન્દ્રની કોરોના ગાઈડલાઈન્સનો અમલ આગામી ૩૦ એપ્રિલ સુધી અમલમાં રાખવાનો નિર્ણય લીધો છે. આ અંગે માહિતી આપતાં ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે કહ્યું કે, કોરોના સંક્રમણના વધી રહેલા કેસોને મુદ્દે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રની કોરોના નિયંત્રણ માર્ગદર્શિકાના અમલને લંબાવીને ૩૦ એપ્રિલ સુધી યથાવત રાખવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે. રાજ્યના ચારે મહાનગરોમાં રાત્રિ કર્ફ્યુ ૧૫મી એપ્રિલ સુધી લંબાવવામાં આવ્યો છે.

રાજ્યના ચાર મહાનગરો અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં હાલમાં રાત્રે ૯ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યુ અમલમાં છે. જે આગામી ૧૫મી એપ્રિલ ૨૦૨૧ સુધી અમલમાં રહેશે.

ખેડૂતો આનંદો : વાત્રક જળાશયમાંથી ઘાસચારા માટે કેનાલમાં પાણી છોડાયું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

ધોમધખતા તાપમાં ઉનાળાનો મધ્યાંતર આકરો બની શકે તેમ છે. ઘાસચારાની અછત પણ ઉભી થવાની દહેશત છે ત્યારે વાત્રક જળાશયમાંથી ખેડૂતો ઘાસચારો વાવી શકે તે માટે તા.૩૧ માર્ચથી ડાબાકાંઠાની મુખ્ય નહેરમાં ૭૦ ક્યુસેક પાણી છોડાતાં બાયડ, માલપુર તાલુકાના ખેડૂતોમાં ખુશાલી છવાઈ છે. જ્યારે આગામી તા.૩ એપ્રિલથી જમણાકાંઠાની કેનાલમાં પણ પાણી છોડાય તેવી સંભાવના છે.

ચોમાસા દરમ્યાન સારા વરસાદના કારણે વાત્રક જળાશયમાં પાણીની સારી આવક નોંધાઈ હતી. શિયાળુ ખેતી માટે ૧૫ હજાર હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળ્યા પછી હવે આકરો ઉનાળો શરૂ થયો છે ત્યારે ખેડૂતો ખાસ કરીને ઘાસચારાનું વાવેતર કરી શકે તે માટે વાત્રક જળાશયમાંથી ડાબાકાંઠાની મુખ્ય નહેરમાં બુધવારથી ૭૦ ક્યુસેક પાણી છોડાતાં સૂકીભઠ્ઠ બનેલી કેનાલ પાણીથી જીવંત બની માનીએ તો ડાબાકાંઠાની કેનાલમાં પાણી છોડાતાં અંદાજીત ૧૫ હજાર હેક્ટર જમીનમાં

છે. કેનાલમાં પાણી છોડાતાં સખવાણિયા, ઉભરાણ, ગાબટ, સરસોલી, વસાદરા, રડોદરા, કાદવિયા વિસ્તારના ખેડૂતો અને પશુપાલકોમાં ખુશાલી જોવા મળી છે. સિંચાઈ વિભાગના સૂત્રોનું ઘાસચારાનું વાવેતર થવાની સંભાવના છે. જ્યારે જમણાકાંઠાની કેનાલમાં પણ મૂંગા પશુઓ માટે ઘાસચારો ખેડૂતો ઉગાડી શકે તે હેતુથી પાણી છોડવામાં આવી શકે છે.

સમાચાર રફ્તાર

- ગુજરાતમાં પહેલી મહિલા યુનિવર્સિટી વિનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટીને વિધાનસભામાં મંજૂરી, અન્ય સાત ખાનગી યુનિવર્સિટીઓને પણ મંજૂરી અપાઈ.
- ભારત-પાકિસ્તાન વચ્ચે ફરી કોમોડીટી આયાતના વેપાર શરૂ થશે.
- કોંગ્રેસના વધુ એક ધારાસભ્ય મોહનસિંહ રાઠવા કોરોનાથી સંક્રમિત.
- મહારાષ્ટ્રના આરોગ્ય મંત્રીએ સંકટ સમયમાં લોકડાઉન નાંખવાના સંકેત આપ્યા.
- દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાં આગ લાગતા ૬૦ દર્દીઓ અન્યત્ર ખસેડાયા.
- ગુજરાત રીફાઈનરીમાં ૧૬૬ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા.
- પશ્ચિમ બંગાળમાં આઈબીના રીપોર્ટ બાદ ૯૩ વીઆઈપીને ગૃહ મંત્રાલયે સુરક્ષા આપી.
- આરએસએસના સંગઠ્ઠનમાં જડમૂળથી ફેરફારો આવી રહ્યા છે.
- સુપ્રિમ કોર્ટે રચેલી ત્રણ રાજ્યોની કમિટીએ અહેવાલ સુપ્રત કર્યો.
- સુશીલ ચંદ્રા ૧૩મીએ મુખ્ય ચૂંટણી કમિશનર તરીકેનો હોદ્દો સંભાળશે.
- ખેડૂતો સંસદ પરની પગપાળા કૂચનો કાર્યક્રમ ટૂંક સમયમાં યોજશે.
- મમતા બેનરજીએ દેશના તમામ વિરોધ પક્ષના વડાઓને પત્ર લખી લોકશાહી અને બંધારણ પરના હૂમલા સામે એક થવા એલાન કર્યુ.
- પૂર્વ પ્રધાનમંત્રી એચ.ડી. દેવગૌડા અને તેમના પત્નિ કોરોનાથી સંક્રમિત.
- મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના પત્નિ રશ્મિ ઠાકરેને હોસ્પિટલમાં દાખલ કરાયા.

આજથી પ્રાથમિક શાળાઓ બપોરની રાખવા સામે રાજ્ય પ્રાથમિક સંઘનો વિરોધ

ગરમીનું વધતું પ્રમાણ ધ્યાને રાખી નિર્ણય કરવા શિક્ષણ મંત્રીને રજુઆત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

રાજ્યના શૈક્ષણિક ઈતિહાસમાં તા.૧ એપ્રિલથી પ્રથમવાર શાળાઓનો સમય બપોરનો રાખવાનો એક પછી એક જિલ્લાના શિક્ષણ વિભાગના અધિકારીઓએ નિર્ણય કર્યા પછી રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના પ્રા.શિક્ષકોમાં અને જિલ્લા સંઘના હોદ્દેદારોમાં રોષ વ્યાપ્યો છે. ત્યારે રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા, મહામંત્રી સતિષભાઈ પટેલે તા.૧૫ માર્ચથી ગરમીનું પ્રમાણ વધ્યું છે તેમજ શાળાઓમાં માત્ર ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ શિક્ષણ લઈ રહ્યા છે તે તમામ બાબતો ધ્યાને લઈ તા.૧ એપ્રિલથી શાળાનો સમય સવારનો રાખવા શિક્ષણ મંત્રીને લેખિત રજૂઆત કરી છે.

કોરોના અને વધતા ગરમીના પ્રકોપથી પ્રજા ફફડી રહી છે. આ સંજોગોમાં વિદ્યાર્થીઓનું આરોગ્ય ન જોખમાય તે પણ જોવાનું હોય છે. કોરોનાનું સંક્રમણ ઓછું હતું ત્યારે શાળાઓ બંધ હતી અને અત્યારે સંક્રમણ સર્વોચ્ચ સપાટીએ છે ત્યારે પ્રા.શિક્ષકોના જીવની પરવા કર્યા વગર શેરી શાળા અને શાળાઓમાં શિક્ષણ કાર્ય ચાલી રહ્યું છે છતાં પ્રા.શિક્ષકો પોતાની નૈતિક ફરજ સમજી તેને યોગ્ય ન્યાય આપે છે. દર વર્ષે તા.૧ એપ્રિલથી ઉનાળો આકરો થતો હોવાથી શાળાનો સમય સવારનો થતો હોય છે પરંતુ આ વર્ષે રાજ્યના તમામ જિલ્લાના પ્રા.શિક્ષણ અધિકારીઓને સૂચના મળી હોય તે રીતે શાળાનો સમય સવારે ૧૦-૩૦ થી ૫-૦૫ મુજબ રાખવાનો પરીપત્ર અને બી.આર.સી., સી.આર.સી. મારફતે મુખ્ય શિક્ષકોને આદેશ મળતાં શિક્ષકો ખફા થયા છે. આવા નિર્ણયને તઘલખી નિર્ણય ગણાવ્યો છે અને વિદ્યાર્થીઓના આરોગ્યને પણ ગરમીથી વિપરીત અસર પડી શકે છે. પ્રા.શિક્ષકોના રોષને યોગ્ય ગણાવી રાજ્ય પ્રા.શિક્ષક સંઘના હોદ્દેદારોએ આ અંગે શિક્ષણ મંત્રીને લેખિત પત્ર લખી શાળાનો સમય તા.૧ એપ્રિલથી સવારનો રાખવાની માંગ કરી છે.

ગુજરાતની સ્થાપના બાદ સૌપ્રથમ મહિલા યુનિવર્સિટી કાર્યરત બનશે

ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૨૧ વિધાનસભા ગૃહમાં પસાર થયું

ગાંધીનગર, તા. ૩૧

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગુજરાત વિધાનસભા ગૃહમાં ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૨૧ પરની ચર્ચામાં સહભાગી થતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતના વિદ્યાર્થીઓને નવી શિક્ષણ નીતિ અનુરૂપ વિશ્વકક્ષાનું ગુણવત્તાયુક્ત અને સમયની માંગ આધારિત ઉચ્ચ શિક્ષણ પુરૂં પાડવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની આ રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

શિક્ષણ મંત્રીશ્રીએ આ સંદર્ભમાં ઉમેર્યુ કે, રાજ્યમાં સરકાર સંચાલિત યુનિવર્સિટીઓને પૂરક બનીને ખાનગી યુનિવર્સિટીઓ પણ ક્વોલિટી એજ્યુકેશન આપવામાં કસોટીની એરણે ખરી ઉતરી છે.

વિધાનસભા ગૃહમાં આજે પસાર થયેલા ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૨૧ને પરિણામે હવે રાજ્યમાં નવી સાત ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપનાને મંજૂરી મળવાની છે તેમ પણ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉમેર્યુ હતું.

આ નીતિના આયોજનમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ૫૦ ટકા સુધી લઈ જવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. શ્રી ચુડાસમાએ આ અંગેની વિસ્તૃત વિગતો આપતાં કહ્યું કે, ગુજરાતમાં હાલ ધોરણ-૧૨ પછી કોલેજમાં પ્રવેશની જે ટકાવારી ૨૨.૫ ટકા જેટલી છે તેને નવી શિક્ષણ નીતિ મુજબ ૫૦ ટકાએ પહોચાડવા શિક્ષણનો વ્યાપ વિસ્તારવો આવશ્યક છે.

ગુજરાત રાજ્યની સ્થાપના બાદ પ્રથમવાર સંપૂર્ણ મહિલા યુનિવર્સિટીની સ્થાપના આ સુધારા વિધેયકને અનૂમતિ મળતાં થવાની છે તેમ પણ શ્રી ચુડાસમાએ ગૌરવ સહ જણાવ્યું હતું. ૧૯૬૦માં ગુજરાત અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું ત્યારથી આજ સુધી જીદ્દહ્ યુનિવર્સિટી-મુંબઈ જ રાજ્યમાં મહિલા યુનિવર્સિટી તરીકે કાર્યરત હતી. હવે, સુરતની વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટી રાજ્યની પ્રથમ સંપૂર્ણ મહિલા યુનિવર્સિટી તરીકે કાર્યરત થશે. .

શિક્ષણ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતમાં વર્ષ ૨૦૦૨માં ૧૧ યુનિવર્સિટીઝ હતી જે વધીને ૪૫ ખાનગી યુનિવર્સિટીઓ સાથે અત્યારે ૮૩ યુનિવર્સિટીઓ થઈ ગઈ છે.

આ યુનિવર્સિટીઓમાં ચિલ્ડ્રન યુનિવર્સિટીથી માંડીને રક્ષાશક્તિ, ફોરેન્સીક સાયન્સ અને મરિન યુનિવર્સિટી જેવી સેક્ટર સ્પેસીફિક યુનિવર્સિટીઓ વિશ્વકક્ષાનું જ્ઞાન ગુજરાતમાં ઘર આંગણે પુરૂં પાડે છે.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક ૨૦૨૧ના પરિણામે હવે, વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટી સુરત ઉપરાંત સાર્વજનિક યુનિવર્સિટી સુરત, ડૉ. કિરણ એન્ડ પલ્લવી પટેલ ગ્લોબલ યુનિવર્સિટી (કેજીપીયુ) વડોદરા, સુરેન્દ્રનગર યુનિવર્સિટી-સુરેન્દ્રનગર, યુ.પી.એલ યુનિવર્સિટી ઓફ સસ્ટેઈનેબલ ટેકનોલોજી વાલીયા-ભરૂચ, દર્શન યુનિવર્સિટી હડાળા-રાજકોટ તેમજ મોનાર્ક યુનિવર્સિટી દસક્રોઈ- જિ. અમદાવાદ એમ વધુ ૭ નવી ખાનગી યુનિવર્સિટીઓ રાજ્યમાં શરૂ થશે.

સુરત અને દીવ વચ્ચે પ્રથમ ક્રૂઝ સર્વિસનો શુભારંભ

રાજ્ય કક્ષાના કેન્દ્રીય બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રી (સ્વતંત્ર હવાલો) શ્રી મનસુખ માંડવિયાએ આજે વીડિયો કોન્ફરન્સ દ્વારા સુરતના હજીરા પોર્ટ પરથી દીવ સુધીની ક્રૂઝ સર્વિસનો શુભારંભ કર્યો હતો.

શ્રી મનસુખ માંડવિયાએ આ ક્રૂઝ સર્વિસના શુભારંભ કાર્યક્રમને સંબોધન કરતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ ભારત સરકારે ક્રૂઝ પ્રવાસનના વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

"મને એ જાહેર કરતા અતિ આનંદ થાય છે કે, વર્ષ ૨૦૧૪ અગાઉ ભારતીય બંદરો પર ૧૩૯ ક્રૂઝ આવતી હતી, પણ અત્યારે કોવિડ-૧૯ રોગચાળા વચ્ચે પણ દેશમાં ૪૫૦ ક્રૂઝ આવે છે. વર્ષ ૨૦૧૪ પછી અત્યાર સુધી ક્રૂઝ સેવાઓ દ્વારા પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૪ અગાઉ ક્રૂઝ પ્રવાસીઓની સંખ્યા એક લાખ હતી અને ૧૯-૨૦માં પ્રવાસીઓની સંખ્યા ૪.૫ લાખ હતી."

શ્રી માંડવિયાએ આગ્રહપૂર્વક જણાવ્યું હતું કે, ભારતીય દરિયા કિનારો ક્રૂઝ પ્રવાસનના ઉદ્યોગ માટે પ્રચૂર સંભવિતતા ધરાવે છે તથા ભારતના પશ્ચિમ દરિયા કિનારા (મુંબઈ, ગોવા, કોચી) અને પૂર્વ દરિયા કિનારા (વિશાખાપટનમ, કોલકાતા, ચેન્નાઈ) એમ બંને તરફ ૬ આંતરરાષ્ટ્રીય ક્રૂઝ ટર્મિનલ્સ બનાવવાની યોજના ધરાવે છે. શ્રી મનસુખ માંડવિયાએ ગુજરાતના દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વિસ્તાર વચ્ચે ફેરી, રોરો અને રોપેક્સ સેવાઓના વિકાસ વિશે આશાવાદ વ્યક્ત કર્યો હતો તથા કહ્યું હતું કે, ક્રૂઝ સેવાઓમાં અદ્યતન ફેરી ટર્મિનલ્સ અને આધુનિક સુવિધાઓ સાથે પરિવહનનું નવું ભવિષ્ય જળ પરિવહન છે. આ ક્રૂઝ સેવાના એક તરફ પ્રવાસનો સમય અંદાજે ૧૩ થી ૧૪ કલાક છે. ક્રૂઝની ક્ષમતા ૩૦૦ પેસેન્જર છે અને ૧૬ કેબિન ધરાવે છે. આ ક્રૂઝ એક અઠવાડિયામાં બે રાઉન્ડ ટ્રિપ કરશે. ક્રૂઝ ડેક પર ગેમિંગ લોંજ, વીઆઈપી લોંજ, મનોરંજન તથા અન્ય આધુનિક સુવિધાઓ ધરાવે છે. એક તરફના પ્રવાસનો ખર્ચ રૂ. ૯૦૦ કરવેરા (પ્રવાસીદીઠ) હશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નવેમ્બર, ૨૦૨૦માં 'હજીરા-ઘોઘાહ્ રોપેક્સ સર્વિસનું ઉદ્ઘાટન કર્યું હતું તથા ચાર મહિનાની અંદર એક લાખ પેસેન્જર અને હજારો વાહનોએ ફેરી સર્વિસનો ઉપયોગ કરીને હજીરા (સુરત)થી ઘોઘા (ભાવનગર) સુધી પ્રવાસનો સમય અને ખર્ચ બંને બચાવ્યાં છે.

દુઃખદ અવસાન

બાયડના કુમુદભાઈ ભાવસાર (પૂર્વ પ્રમુખ : જાયન્ટ્સ

ગૃપ ઓફ બાયડ, ફેડરેશન ઓફીસર), સ્વ.વસંતભાઈ ભાવસાર અને રજનીભાઈ ભાવસારના ભાઈ વિનોદભાઈ પોપટભાઈ ભાવસાર(હાલ રહે. વડોદરા)નું નિધન થયેલ છે.

ચિંતાજનક સ્થિતિએ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોરોનાને ડામવા માટે કેટલાક પગલા ભરવામાં આવ્યા છે. આ પહેલા ભારતમાં ૧૭ ડિસેમ્બરના રોજ ૩૫૫ લોકોએ એક જ દિવસમાં કોરોના વાયરસના કારણે જીવ ગુમાવ્યો હતો.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા સવારે ૮ વાગ્યે રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે ભારતમાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૫,૫૨,૫૬૬ થઈ ગયો છે, જેની કુલ કેસની સામે ટકાવારી ૪.૫૫% થાય છે. જ્યારે કોરોનાને હરાવીને સાજા થનારા દર્દીઓની ટકાવારી ૯૪.૧૧ ટકા થાય છે. ભારતમાં કોરોનાને હરાવીને ૧,૧૪,૩૪,૩૦૧ લોકો સાજા થઈ ગયા છે. જ્યારે દેશમાં કોરોનાના કારણે મૃત્યુ પામેલા લોકોની ટકાવારી ૧.૩૪% થાય છે.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો.

ૈઝસઈ મુજબ ૨૪,૩૬,૭૨,૯૪૦ લોકોના ૩૦ માર્ચ સુધીમાં કોરોના ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી મંગળવારે ૧૦,૨૨,૯૧૫ લોકોના ટેસ્ટ લેવામાં આવ્યા છે. કોવિડ ૧૯થી સૌથી વધુ પ્રભાવિત ૧૦ જિલ્લામાંથી ૮ જિલ્લા મહારાષ્ટ્રના છે. જ્યારે દિલ્હીનો પણ એક જિલ્લો આ લિસ્ટમાં સામેલ છે. હેલ્થ સેક્રેટરી રાજેશ ભૂષણે કહ્યું કે જે ૧૦ જિલ્લામાં સૌથી વધુ એક્ટિવ કેસ છે તેમાં પુણે(૫૯,૪૭૫), મુંબઈ(૪૬,૨૪૮), નાગપુર (૪૫,૩૨૨), થાણે (૩૫,૨૬૪), નાસિક (૨૬,૫૫૩), ઔરંગાબાદ (૨૧,૨૮૨), બેંગ્લુરુ સિટી (૧૬,૨૫૯), નાંદેડ (૧૫,૧૭૧), દિલ્હી (૮,૦૩૨) અને અહેમદનગર (૭,૯૫૨) સામેલ છે. તેમણે કહ્યું કે ટેક્નિકલી રીતે દિલ્હીમાં અનેક જિલ્લા છે પરંતુ તેને એક જિલ્લા તરીકે લેવાયો છે.

સાતમી કાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નંબર પ્લેટની તસવીર પ્રકાશમાં આવ્યા પછી વિનય પોતે પોલીસ સ્ટેશન પહોંચ્યા અને એની જાણકારી આપી. તેમણે જણાવ્યું હતું કે MH-20-FP-1539 નંબરવાળી તેમની કાર ૧૬ નવેમ્બર ૨૦૨૦ના રોજ ચોરાઈ હતી. તેમણે આ અંગેની એફઆઈઆર નોંધાઈ હતી. એફઆઈઆરની કોપી પણ તે સાથે લાવ્યા હતા. મીઠી નદીમાંથી રવિવારે મળેલા લેપટોપને લઈને ઘટસ્ફોટ થયા છે કે આ લેપટોપ સચિન વાઝેનું છે અને તે ઓફિશિયલ કામોમાં એનો ઉપયોગ કરતો હતો. જોકે તેની અંદરનો તમામ ડેટા ડિલિટ છે અને તેની હાર્ડડિસ્કને પણ નષ્ટ કરવામાં આવી છે. એનાઈએની સામે એક મોટો પડકાર એ હશે કે એનો ડેટા ફરીથી પ્રાપ્ત કઈ રીતે કરવો.

રસીનો નિર્દેશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સાથે જ કોરોનાના પ્રત્યેક દર્દીના ૨૦થી ૩૦ સંપર્કોને ટ્રેસ કરવા અને તેમને ક્વોરેન્ટાઈન કરવાની વ્યવસ્થા કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે જેથી કોરોનાના કેસ ઘટાડી શકાય. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણના કહેવા પ્રમાણે કેસ વધારે હોય કે ઓછા, તમામ જિલ્લામાં જનપદીય ટીમ બનવી જોઈએ જે નિર્ધારિત સમય મર્યાદાની અંદર યોજના તૈયાર કરી જવાબદારી પ્રમાણે વર્તે. ભૂષણે જણાવ્યું કે, કોરોના પોઝિટિવ હોય તેમના ૨૦થી ૩૦ સંપર્કોને ક્વોરેન્ટાઈન કરવા જોઈએ અને તેમનો ટેસ્ટ થવો જોઈએ. ઉપરાંત જ્યાં ક્લસ્ટર છે ત્યાં પરિવાર કે કેટલાક લોકોને ક્વોરેન્ટાઈન કરવાથી મદદ નહીં મળે. મોટા કન્ટેનમેન્ટ ઝોન બનાવીને આકરા નિયમો લાગુ કરવા પડશે. ઉપરાંત ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટ પર ફોકસ રાખવું પડશે.

એકજૂથ થવાનો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડીએમકે પ્રમુખ એમ.કે. સ્ટાલિન, સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ, આરજેડી નેતા તેજસ્વી યાદવ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે, ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયક, આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી જગન રેડ્ડી ઉપરાંત કે.એસ. રેડ્ડી, ફારુક અબ્દુલ્લા, મહેબૂબા મુફ્તી અને શ્રી દીપાંકર ભટ્ટાચાર્યને પણ પત્ર લખ્યો છે.

રિફાઈનરીમાં કર્મચારીઓ અને પરિવારના સભ્યો મળી ૧૬૬ સંક્રમિત

કોરોના સંક્રમિત થયેલા પૈકીના ૭૧ કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનો રિફાઈનરી ટાઉનશીપમાં જ રહે છે

વડોદરા, તા.૩૧

ગુજરાતના મહાનગરોમાં કોરોના કહેર સૌથી વધુ છે, તેમાં વડોદરા પણ બાકાત નથી. ત્યારે વડોદરાની રિફાઈનરીમાં કોરોના વિસ્ફોટ જોવા મળ્યો છે. રિફાઈનરીમાં મોટી સંખ્યામાં કર્મચારી કોરોના સંક્રમિત થયા છે. રિફાઈનરીના કર્મચારીઓ તેમજ તેમના પરિવારના સભ્યો મળીને કુલ ૧૬૬ લોકો સંક્રમિત થયા છે. સંક્રમિત થયેલા પૈકીના ૭૧ કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનો રિફાઈનરી ટાઉનશીપમાં જ રહે છે. ત્યારે રિફાઈનરીમાં આટલી હદે કોરોના વકરવાની પ્રથમ ઘટના બની છે.

તો બીજી તરફ નંદેસરીની SBI બેંકમાં પણ કોરોના ફાટ્યો છે. બ્રાન્ચના ૧૨ કર્મચારીઓ કોરોના પોઝિટિવ આવ્યા છે. આટલા બધા કર્મચારીઓ એકસાથે સંક્રમિત થતા બેંક બંધ કરવાની ફરજ પડી છે. GIDC ના મોટાભાગના ઉદ્યોગોના બેંત એકાઉન્ટ આ SBI બ્રાન્ચમાં છે. ત્યારે લાંબો સમય બેંક બંધ રહેતા કરોડોના ટ્રાન્ઝેક્શન અટવાઈ પડી શકે છે. સેનેટાઈઝેશનની પ્રક્રિયા બાદ બેંક ફરી શરૂ કરાશે. વડોદરામાં જીવલેણ કોરોના એક શિક્ષિકાને ભરખી ગયો છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્કૂલના શિક્ષિકાનું કોરોનાના કારણે મોત નિપજ્યું છે. શિક્ષણ સમિતિની શાળામાં કોરોનાના કારણે મોતની પ્રથમ ઘટના સામે આવી છે.

આ શાળામાં ૩૫ જેટલા શિક્ષકો પણ કોરોનાની ઝપેટમાં આવ્યા છે. અગાઉ ૨૫ શિક્ષકો સંક્રમિત થયા હતા. છેલ્લા બે દિવસમાં ૧૦ શિક્ષકો સંક્રમિત થતા આંકડો ૩૫ એ પહોંચ્યો છે. કોરોના બેકાબૂ બનતા શિક્ષકોમાં ભયનો માહોલ ફેલાયો છે. વડોદરા શહેરમાં કોરોનાનો કહેર યથાવત છે. છેલ્લા ૨૪ કલાક માં ૩૫૩ કેસ પોઝિટિવ નોંધાયા છે. કોરોનાના કારણે ૨૪ કલાકમાં ૧ દર્દીનું મોત નિપજ્યું છે. તો સામે ૧૦૩ દર્દીઓની હાલત ગંભીર છે, જેઓ હાલ વેન્ટિલેટર પર છે. અત્યાર સુધી વડોદરામાં કુલ નોંધાયેલા પોઝિટિવ કેસ ૨૭૯૯૮ થયા છે. આજે વધુ ૧ દર્દીના મોત સાથે કુલ મૃત્યુ આંક ૨૪૯ એ પહોંચ્યો છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧